# અદ્લ અને અમ્નનો ઈન્તેઝાર

કિતાબનું નામ : અદ્લ અને અમ્નનો ઈન્તેઝાર

પ્રકાશનનું વર્ષ : શાબાન, હી.સ. ૧૪૩૪, જુન-૨૦૧૩

પ્રકાશક : એસોસીએશન ઓફ ઈમામ મહદી (અ.સ.)
પો.બોક્સ નં. ૧૯૮૨૨
મુંબઇ - ૪૦૦ ૦૫૦

---

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| **૧** | **અદ્લ અને અમ્નનો ઈન્તેઝાર** | **૧** |
| ૨ | અદ્લ | ૧ |
| ૩ | અમ્ન | ૨ |
| ૪ | તવહિદ | ૫ |
| ૫ | ઝમીન અને આસ્માન | ૯ |
| **૬** | **આર્થિક અદ્લ** | **૧૨** |
| ૭ | ન્યાયી વહેંચણી | ૧૫ |
| ૮ | અજોડ ઝીંદગી | ૧૭ |
| **૯** | **ફકત અને ફકત અદ્લ** | **૧૯** |

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ صَلَّى اللهُ عَلَيْكَ يَا وَلِيَّ الْعَصْرِ اَدْرِكْنَا

# અદ્લ અને અમ્નનો ઈન્તેઝાર

اَلسَّلَامُ عَلَى الْقَائِمِ الْمُنْتَظَرِ وَ الْعَدْلِ الْمُشْتَهَرِ

પવિત્ર મઝહબ ઈસ્લામ અને દુનિયાવાળાઓની નજીક અદ્લ અને અમ્નનો મતલબ એક સમાન નથી. દુનિયામાં જ્યારે શબ્દ અદ્લ અને અમ્નનો ઉપયોગ કરવામાં આવે છે તો સામાન્ય રીતે તેનો અર્થ થાય છે ન્યાયાલયના ફેંસલાઓ અથવા તો આર્થિક વ્યવસ્થામાં ન્યાયપૂર્ણ વહેંચણી. અમ્નનો અર્થ સામાન્ય રીતે શહેરો ફીત્ના અને ફસાદથી સુરક્ષિત હોવા અને કોઈની પણ જાનને ખતરો ન હોવાના અર્થમાં લેવામાં આવે છે. બીજા શબ્દોમાં આમ પણ કહી શકાય છે કે દુનિયાવાળાઓની નજીક અદ્લ અને અમ્નનો મતલબ ઈન્સાનની સામૂહિક ઝીંદગીના અમૂક પાસાઓ ઉપર આધારિત છે. ઈન્સાનનો લગાવ ખુદ તેની ઝાત સાથે કેવો હોવો જોઈએ, ઈન્સાનનો સંબંધ તેના ખાલિક સાથે કેવો હોવો જોઈએ આ પ્રકારની બાબતો ઉપર કંઈ ખાસ ધ્યાન આપવામાં આવતું નથી.

જ્યારે કે પવિત્ર મઝહબ ઈસ્લામમાં અદ્લ અને અમ્નનો અર્થ ખૂબજ વિસ્તૃત અને વિશાળ છે. તે કાએનાતની દરેક બાબતને ઘેરી લે છે. વાતની શરૂઆત કરતા પહેલા અદ્લ અને અમ્નની વ્યાખ્યા બયાન કરીએ છીએ:

## અદ્લ:

અદ્લની અસંખ્ય વ્યાખ્યા બયાન કરવામાં આવી છે. અહિં ફકત બે વ્યાખ્યાનો ઉલ્લેખ કરીશું.

(૧) وَضْعُ كُلِّ شَيْءٍ فِيْ مَوْضِعِهٖ

*'દરેક વસ્તુને તેની યોગ્ય જગ્યાએ મૂકવી.'*

(૨) اِعْطَاءُ كُلِّ ذِيْ حَقٍّ حَقَّهٗ

*'દરેક હક્કદારને તેનો હક્ક આપવો.'*

તેની વિરૂધ્ધમાં ઝુલ્મ, સિતમ, અત્યાચાર વિગેરે...

**અમ્નઃ**

એટલે સુકુન અને ઈત્મેનાન. તેનાથી વિરૂધ્ધ ભય, ડર, બેચૈની, વ્યાકુળતા, ગભરાટ વિગેરે...

અર્થાત્ જ્યાં ઝુલ્મ અને અત્યાચાર છે ત્યાં અદ્લ નથી અને જ્યાં ભય, ડર અને બેચૈની છે ત્યાં અમ્ન નથી.

અદ્લના ઉપરોકત અર્થને નજરમાં રાખતા દરેક તે ચીઝ જે તેની યોગ્ય જગ્યા ઉપર નથી અથવા તો તેને તેનો હક્ક ન આપવામાં આવ્યો હોય તો તે ઝુલ્મ છે. આ વ્યાખ્યા ઈન્સાનના અકીદા, વિચારધારા, અખ્લાક, વ્યકિતગત અને સામુહિક સંબંધો અને ઝમીન તેમજ આસ્માન વિગેરે... થી સંબંધિત છે. આ આધારે સાચી રીતે અદ્લ ત્યારે જ સ્થપાશે જ્યારે દરેક જગ્યાએથી ઝુલ્મનો ખાત્મો થઈ જાય અને દરેક વસ્તુને તેનો હક્ક આપી દેવામાં આવે, તેવી જ રીતે સાચી રીતે અમ્ન ત્યારેજ સ્થપાશે જ્યારે દરેક જગ્યાએથી ભય અને ડર ખતમ થઈ જાય અને કોઈપણ ભયભીત ન રહે.

હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરની જ્યારે વાત થાય છે ત્યારે આ પ્રકારના વાકયો વારંવાર આપણા દિલ અને દિમાગને ઝળહળિત કરે છે.

يَمْلَأُ الْأَرْضَ قِسْطًا وَ عَدْلًا بَعْدَ مَا مُلِئَتْ ظُلْمًا وَ جَوْرًا

*‘તેઓ સમગ્ર ઝમીનને એવી રીતે અદ્લ અને ઈન્સાફથી ભરી દેશે જેવી રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરાએલી હશે.’*

પવિત્ર મઝહબ ઈસ્લામમાં ઈન્સાન એ કંઈ તદ્ન જુદી કે સાવ અલગ મખ્લુક નથી. બલ્કે તે આ દુનિયાનો જ એક હિસ્સો છે. આ કાએનાતની એક-એક વસ્તુ ખુદાવંદે આલમની ન્યાયી વ્યવસ્થાના આધારે કાએમ અને સ્થાપિત છે.

وَ بِالْعَدْلِ قَامَتِ السَّمٰوَاتُ وَ الْاَرْضُ

*‘અદ્લની બુનિયાદ ઉપર આસમાનો અને ઝમીન કાએમ છે.’*

ખુદાવંદે આલમના નામો પૈકી એક નામ ‘યા આદેલો’ છે. એહલેબૈત (અ.મુ.સ.)ની તઅલીમાતની રોશનીમાં અદ્લએ સમગ્ર ઈન્સાનની ઝીંદગીને આવરી લીધેલ છે. એક સામાન્ય મુકદદમામાં, ચાંદની ગવાહીમાં અને તલાકની ગવાહી... વિગેરેમાં દરેક જગ્યાએ ગવાહોનું આદીલ હોવું જરૂરી અને આવશ્યક છે. બે રકઅત નમાઝ માટે ઈમામે જમાઅતનું પણ આદીલ હોવું એક શર્ત છે.

હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) ફરમાવે છેઃ

اَلْعَدْلُ اَسَاسٌ بِهٖ قِوَامُ الْعَالَمِ

*‘અદ્લ બુનિયાદ છે, તેનાથી જ દુનિયા કાએમ છે.’*

(બેહારૂલ અન્વાર, ભાગ-૭૮, પાના નં. ૮૨)

દુનિયાની સ્વતંત્રતા અને નિર્માણનું કારણ પણ અદ્લ જ છે.

હઝરત અલી (અ.સ.) ફરમાવે છે કે:

مَا عُمِرَتِ الْبُلْدَانُ بِمِثْلِ الْعَدْلِ

***'અદ્‌લથી વધીને બીજી કોઈ વસ્તુ દુનિયાને આબાદ કરી શકતી નથી.'***

(ગોરરૂલ હેકમ, પાના નં. ૪૦૭)

આ આધારે દુનિયામાં જે કંઈ અત્યારે ખરાબી, બરબાદી, આતંકવાદ, ફુગાવો અને હેરાનગતિ જોવા મળે છે તે અદ્‌લ ન હોવાના લીધે છે. અત્યારે જો કે ચોતરફ ઝુલ્મ જ ઝુલ્મ જોવા મળે છે આથી દરેક જગ્યાએથી સુકુન અને ઈત્મેનાન રૂખ્સત થઈ ગયું છે.

શું ખુદાવંદે આદીલ અને રહીમે પૈદા કરેલી આ દુનિયા રોજબરોજ ઝુલ્મ અને અત્યાચારથી ભરાતી જ જશે અને શું આપસમાં ટકરાઈને એક દિવસ ખતમ થઈ જશે કે પછી એક દિવસ તેની કિસ્મત બદલાશે અને તેમાં અદ્‌લ અને ઈન્સાફની હુકુમત કાએમ થશે?

દુનિયાના ખુણે ખુણામાં અદ્‌લ અને ઈન્સાફ કાયમ કરવાની કોશિશ એ વાતની દલીલ છે કે ઈન્સાનનો આત્મા અને તેની પવિત્ર ફીત્રત તેને કબુલ કરવા માટે તૈયાર નથી કે દુનિયામાં અદ્‌લ અને ઈન્સાફ કાએમ થઈ શકતું નથી. ઈન્સાનની પવિત્ર ફીત્રતને તે બાબતનું યકીન છે કે એક દિવસ જરૂર આ દુનિયામાં અદ્‌લ અને ઈન્સાફ સ્થપાશે. અત્યારે અદ્‌લ અને ઈન્સાફની સ્થાપનાના તમામ પ્રયત્નો એટલા માટે નાકામ નિવડી રહ્યા છે કે અદ્‌લ અને ઈન્સાફની સ્થાપના કરનારાઓ ખુદ ઝાલિમ છે. જે બંધારણ છે તે અન્યાયી છે, જે રીત છે તે દુશ્મનાવટથી ભરપૂર છે અને જે તરીકો છે તે અત્યાચારથી ભરેલો છે.

## તવહિદઃ

જ્યારે ઝુલ્મની ચર્ચા કરવામાં આવે છે ત્યારે સામાજીક, આર્થિક, ખાનદાની અને પરસ્પરનો આંતરિક ઝુલ્મ નજર સામે આવે છે. જ્યારે કે આ પ્રકારના બધાજ ઝુલ્મ અને અત્યાચારનો સ્ત્રોત ઈન્સાનની વિચારધારા અને તેની સોચ છે. ઈન્સાનના આ અમલની વાસ્તવિક સુધારણા અને તેનું આદિલ હોવું તે તેની સોચની સુધારણા વગર શકય નથી. કારણકે ઈન્સાનના અંગ ઉપાંગો જે ઝુલ્મ અંજામ આપે છે તેની હૈસિયત ફકત એક સાધન અને માધ્યમની જ છે. જરૂરત છે તે મુખ્ય કેન્દ્રની સુધારણાની કે જે તે અંગ-ઉપાંગોનો દુરૂપયોગ કરી રહ્યો છે. હાથ અને તેની તાકત ખુદ પોતે ઝુલ્મ અને અત્યાચાર નથી બલ્કે તેનો દુરૂપયોગ ઝુલ્મ અને અત્યાચારનું કારણ બને છે. હાથ ખુદ પોતે પોતાની મેળે કોઈ યતીમને નથી સતાવતા બલ્કે કોઈ હોય છે કે જે તે હાથો વડે યતીમને સતાવે છે. હાથમાં હાથકડી પહેરાવી દેવાથી ઝુલ્મનું સાધન અને માધ્યમ કૈદ થઈ જશે, મર્યાદીત થઈ જશે જ્યારે કે ઝાલિમ પોતાની જગ્યાએ સ્વતંત્ર જ રહેશે. આ આધારે અગર સોચ-વિચારમાંથી ઝુલ્મ અને અત્યાચાર ખતમ થઈ જાય, ઝાલિમની સોચ બદલાય જાય તો સાધનો અને માધ્યમો ખુદ પોતાની મેળે અદ્લ અને ઈન્સાફના ઝરીયા બની જશે.

અદ્લની ઉપરોકત વ્યાખ્યા 'દરેક વસ્તુને તેની યોગ્ય જગ્યાએ રાખવી' અથવા 'દરેક હક્કદારને તેનો હક્ક આપવો'ની રોશનીમાં તવહિદના અકીદાને કબુલ કરવો, સોચને યોગ્ય જગ્યાએ રાખવી અને તેનો યોગ્ય હક્ક અદા કરવો છે. કદાચ એટલે જ કુરઆને કરીમે શિર્કને મહાન ઝુલ્મ કરાર દીધો છે.

اِنَّ الشِّرۡكَ لَظُلۡمٌ عَظِيۡمٌ

*'ચોક્કસ શિર્ક મહાન ઝુલ્મ છે.'*

(સુરએ લુકમાન, ૧૩)

જો કે રિયાકારીમાં અલ્લાહ સિવાય બીજા કોઈની કલ્પના છે આથી રિવાયતોમાં રિયાકારીને શિર્કે ખફી (છુપું શિર્ક) દર્શાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત ઝુલ્મની તીવ્રતા ઝુલ્મની માત્રા સાથે સંબંધિત નથી બલ્કે તેનો સંબંધ તે વાતથી પણ છે કે ઝુલ્મ કોની ઉપર કરવામાં આવી રહ્યો છે. એક સામાન્ય વ્યકિતને તમાચો મારવામાં અને એક ઓફિસરને તમાચો મારવામાં ચોક્કસ તફાવત છે. આથી જેના ઉપર ઝુલ્મ થઈ રહ્યો છે તે જેટલી મહાન વ્યકિત હશે ઝુલ્મ તેટલો જ તીવ્ર હશે. શિર્ક મહાન ઝુલ્મ છે કારણકે શુધ્ધ મોહતાજ શુધ્ધ ગની (સ્વાવલંબી) સાથે મેળવવામાં આવી રહ્યો છે. શિર્કમાં નાચીઝને મહાન અલ્લાહની બરાબર કરાર દેવામાં આવે છે.

તવહિદના અકીદા સિવાય બીજી કોઈ ચીઝ ઈન્સાનની સોચથી ઝુલ્મ અને અત્યાચારને ખતમ કરી શકતી નથી. અગર ઈન્સાન તવહિદને તેના ખરા અર્થમાં કબુલ કરી લ્યે તો વિચારમાંથી ઝુલ્મ ખતમ થઈ જશે અને જ્યારે વિચાર બદલાય જશે તો ઈન્સાનના અંગ-ઉપાંગો ઝુલ્મના માધ્યમ નહિં બની શકે. આવી રીતે ઈન્સાનની વ્યકિતગત અને સામૂહિક ઝીંદગીથી ઝુલ્મ રૂખ્સત થઈ જશે.

હઝરત વલીએ અસ્ર, આખેરૂઝ ઝમાન ઈમામ મહદી (અ.સ.)ના સિલસિલામાં જે આયતો વારીદ થઈ છે તેમાં સુરએ

નૂરની ૫૫ મી આયત અત્યંત વિસ્તૃત અને જામેઅ આયત છે. તેમાં અલ્લાહ તબારક વ તઆલા ફરમાવે છે કેઃ

وَعَدَ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا مِنْكُمْ وَ عَمِلُوْا الصّٰلِحٰتِ لَيَسْتَخْلِفَنَّهُمْ فِي الْاَرْضِ كَمَا اسْتَخْلَفَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ۠ وَلَيُمَكِّنَنَّ لَهُمْ دِيْنَهُمُ الَّذِى ارْتَضٰى لَهُمْ وَ لَيُبَدِّلَنَّهُمْ مِّنْۢ بَعْدِ خَوْفِهِمْ اَمْنًا۠ يَعْبُدُوْنَنِيْ لَا يُشْرِكُوْنَ بِيْ شَيْئًا۠ وَ مَنْ كَفَرَ بَعْدَ ذٰلِكَ فَاُولٰٓئِكَ هُمُ الْفٰسِقُوْنَ

*“ખુદાવંદે આલમે તમારામાંથી તેઓને વાયદો કર્યો છે કે જેઓ ઈમાન લાવ્યા છે અને જેઓ નેક કાર્યો અંજામ આપે છે તેઓને ચોક્કસ ઝમીન ઉપર પોતાના ખલીફા બનાવશે જેવી રીતે તેમની અગાઉના લોકોને બનાવ્યા હતા અને તેઓને તે દિન ઉપર કુદરત અને હુકુમત અતા કરશે જેનાથી તેઓ તેના માટે રાજી થઈ જશે અને ચોક્કસ તેઓના ખૌફને અમ્ન અને શાંતિમાં ફેરવી દેશે. તે સમયે ફકત તેઓ મારી જ ઈબાદત કરશે અને કોઈને પણ મારો શરીક બનાવશે નહિં. અને તેના પછી પણ અગર કોઈ ઈન્કાર કરે તો તે ફાસિકોમાંથી છે.”*

(સુરએ નૂર, આયત નં. ૫૫)

يَعْبُدُوْنَنِيْ لَا يُشْرِكُوْنَ بِيْ شَيْئًا

*“ફકત મારી જ ઈબાદત કરશે અને કોઈને પણ મારો શરીક બનાવશે નહિં.”*

એટલેકે જ્યારે હઝરત ઈમામ મહદી (અ.સ.) ઝુહુર ફરમાવશે દુનિયામાંથી શિર્ક સંપૂર્ણપણે રૂખ્સત થઈ જશે અને તેવી જ રીતે ઝુલ્મનો સ્ત્રોત પણ સુકાય જશે અને જ્યારે ઈન્સાનના વિચારમાંથી ઝુલ્મ અને અત્યાચાર ખતમ થઈ જશે ત્યારે દુનિયામાં ચોતરફ અદ્લ અને ઈન્સાફ જ હશે.

જ્યારે પયગમ્બરે અકરમ (સ.અ.વ.) મેઅરાજ ઉપર તશરીફ લઈ ગયા ત્યારે ખુદાવંદે આલમે તેમના વસીઓની ઓળખ કરાવી ત્યારે તેમના અંતિમ વસી હઝરત ઈમામ મહદી (અ.સ.)ના બારામાં આ રીતે ફરમાવ્યું:

وَبِالْقَائِمِ مِنْكُمْ أَعْمُرُ أَرْضِى بِتَسْبِيْحِىْ وَ تَهْلِيْلِىْ وَ تَقْدِيْسِىْ
وَ تَكْبِيْرِىْ وَ تَمْجِيْدِىْ وَبِهِ أُطَهِّرُ الْأَرْضَ مِنْ أَعْدَائِىْ وَ أُوْرِثُهَا
أَوْلِيَائِىْ وَبِهِ أَجْعَلُ كَلِمَةَ الَّذِيْنَ كَفَرُوْا بِىَ السُّفْلٰى وَ كَلِمَتِىَ الْعُلْيَا

*'હું તમારા કાએમ (અ.સ.) થકી મારી ઝમીનને આબાદ કરીશ. મારી તસ્બીહ, તહલીલ, તકદીસ, તકબીર અને તમજીદથી આબાદ કરીશ. (એટલેકે સુબ્હાનઅલ્લાહથી, લાએલાહ ઈલ્લલ્લાહથી, સુબ્બુહુન કુદદુસથી, અલ્લાહો અકબરથી અને અલ્હમ્દો લિલ્લાહથી) અને તેમના વડે ઝમીનને મારા દુશ્મનોથી પાક કરીશ અને મારા વલીઓને તેના વારીસ કરાર દઈશ અને તેમના વડે જ તે લોકોની વાત અને સોચને હલ્કી બનાવીશ કે જેઓ મારો ઈન્કાર કરે છે અને મારા કલેમાને બલંદી અતા કરીશ.'*

(આમાલી એ શૈખે સદુક (અ.ર.), પાના નં. ૭૩૧)

આ હદીસે કુદસીના જુમ્લાઓ ઉપર ધ્યાન આપો કે હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર થકી કેવી રીતે સમગ્ર ઝમીન તવહિદરૂપી હિરાથી જગમગી ઉઠશે. જેટલી હદે તવહિદથી દુનિયા આબાદ થશે તેટલીજ શિર્ક અને ઝુલ્મથી પાક થશે. અદ્લના રસ્તામાં આજ મોટી રૂકાવટો છે. જ્યારે આ રૂકાવટો દુર થઈ જશે ત્યારે દુનિયા અદ્લથી આબાદ થઈ જશે.

અદ્લનો એક અર્થ એમ કરવામાં આવ્યો છે કે 'દરેક હક્કદારને તેનો હક્ક આપવો' અને 'દરેક ચીઝને તેની યોગ્ય જગ્યાએ મૂકવી.' એ સ્પષ્ટ વાત છે કે અલ્લાહ સિવાય બીજો કોઈપણ ઈબાદતને લાયક નથી. અગર અત્યારે આ દુનિયામાં અલ્લાહ સિવાય બીજા કોઈની ઈબાદત કરવામાં આવી રહી છે. અર્થાત્ આપણે અલ્લાહને તેનો હક્ક નથી આપી રહ્યા અને બીજાઓને કે જેઓ મખ્લુક છે અને સંપૂર્ણપણે મોહતાજ છે તેઓને તેની જગ્યા ઉપર રાખી રહ્યા છીએ કે જે તેઓની જગ્યા નથી. આ ઝુલ્મ નહિં તો બીજું શું છે? જ્યારે હઝરત ઈમામ મહદી (અ.સ.) તશરીફ લાવશે ત્યારે ફકત અને ફકત ખરા અને હકીકી ખુદાની જ ઈબાદત કરવામાં આવશે. ઈબાદતનો હક્ક અદા થશે અને બાકી બીજી બધી વસ્તુઓ પોત-પોતાની યોગ્ય જગ્યા પામશે. તેને જ અદ્લ કહેવામાં આવે છે.

## ઝમીન અને આસ્માનઃ

કુરઆને કરીમ સુરએ કહફમાં બે લોકોની દાસ્તાન વર્ણવે છે. એકની પાસે બગીચાઓ અને ખેતીવાડી હતી

كِلْتَا الْجَنَّتَيْنِ اٰتَتْ اُكُلَهَا وَ لَمْ تَظْلِمْ مِّنْهُ شَيْـًٔا

***''બંને બગીચાઓ ઘણા ફળ ફળાદિ નીપજાવ્યા કરતા હતા અને તે ફળો આપવામાં સહેજ પણ ઝુલ્મ કરતા ન હતા.''***

(સુરએ કહફ, આયત નં. ૩૩)

તેનો મતલબ એમ થાય છે કે અગર ઝમીનમાંથી ભરપૂર પાક પ્રાપ્ત નથી થઈ રહ્યો તો તે ઝુલ્મ થઈ રહ્યો છે. ઝમીનમાં દુષ્કાળ અથવા પૂરતો પાક તૈયાર ન થવો, ફળોનું સંપૂર્ણ રીતે ન પાકવું અથવા સંપુર્ણ રીતે દાણો ન પાકવો વિગેરે... આ બધું તેના કારણે છે કે ઝમીન પોતાનો સંપુર્ણ પાક નથી આપી રહી અને તેનું કારણ ઝમીનના રહેવાસીઓનો ઝુલ્મ છે. ઝમીન ઉપર ચાલનારાઓનો અત્યાચાર છે. એ તો સ્પષ્ટ વાત છે કે જ્યારે ઝમીન તેના ઉપર ચાલનારાઓથી રાજી અને ખુશ નહિં હોય, ઝમીનને પાક અને સ્વચ્છ પાણીને બદલે બેગુનાહ લોકોના નિર્દોષ લોહીથી તૃપ્ત કરાવવામાં આવશે તો પછી કેવી રીતે ઝમીન પોતાની સંપૂર્ણ તાકતનો ઉપયોગ કરીને સંપૂર્ણ પાક આપશે.

પરંતુ જ્યારે ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર થશે અને તેમની ન્યાયી હુકુમત સ્થાપિત થશે ત્યારે ઝમીનનો નકશો બદલાય જશે.

અબુ સઈદે ખુદરીએ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી એક રિવાયત નોંધી છે કેઃ

***‘મારી એહલેબૈત્તમાંથી એક શખ્સ જાહેર થશે જે મારી સુન્નત ઉપર અમલ કરશે, ખુદા તેના માટે આસ્માનમાંથી બરકત નાઝીલ કરશે અને ઝમીન પોતાની બરકતો જાહેર કરી દેશે. ઝમીન તેમના વડે અદ્લ અને ઈન્સાફથી ભરાય જશે જેવી રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરાએલી હશે....’***

(બેહારૂલ અન્વાર, ભાગ-૫૧, પાના નં. ૮૨)

એક રિવાયતમાં હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'જ્યારે અમારા કાએમ (અ.સ.)નો ઝુહુર થશે ત્યારે આસ્માન તેના ટીપાઓને નાઝીલ કરશે, ઝમીન પોતાની હરિયાળીને જાહેર કરી દેશે. અલ્લાહના બંદાઓના દીલોમાંથી ખરાબી અને કીનો નીકળી જશે. પ્રાણીઓ અને ફાડી ખાનાર પશુઓ એક સાથે હળીમળીને રહેશે. ત્યાં સુધી કે એક સ્ત્રી શામથી ઈરાકની મુસાફરી કરશે અને તેના દરેક પગલા હરિયાળી ઉપર પડશે અને તે ઝવેરાતથી લદાએલી હશે પરંતુ ન તો તેના ઉપર કોઈ હુમલો કરશે અને ન તો તે ભયભીત હશે.'*

(મુન્તખબુલ અસર, પાના નં. ૫૯૨)

હઝરત ઈમામ મહદી (અ.સ.)ના પૂરનૂર ઝુહુર થકી દુનિયામાં ચોતરફ અદ્લ અને ઈન્સાફ હશે.

અગર આ દુનિયા ઝમીન અને આસ્માનની બરકતોથી ફાયદો ઉઠાવવા ચાહતી હોય તો તેને જોઈએ કે તે હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુર માટે ઝમીનને સાનુકુળ બનાવે. આ રિવાયત તે વાસ્તવિકતા તરફ પણ નિર્દેષ કરી રહી છે કે જ્યાં સુધી આ દુનિયામાં ઝુલ્મ અને અત્યાચાર થતો રહેશે ત્યાં સુધી દુનિયા હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝુહુરથી વંચિત રહેશે. ત્યાં સુધી આસ્માનમાંથી સંપૂર્ણ વરસાદ નહિં વરસે, ઝમીન પોતાની બરકતો જાહેર નહિં કરે, ઝમીનમાં છુપાએલા ખજાના છુપાએલા જ રહેશે જાહેર નહિં થાય. તેના પરિણામ સ્વરૂપ મોંઘવારી અને અછત આસ્માન સુધી પહોંચશે, ભાવો ઉંચા હશે, ગરીબો અને અમીરો વચ્ચેનો તફાવત વધતો જશે, ફિત્ના અને ફસાદ રોજબરોજ વધતા જ જશે અને આ પરિસ્થિતિ ત્યારેજ બદલાશે જ્યારે હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર થશે.

# આર્થિક અદ્‌લ

વર્તમાન પત્રો અને ન્યુઝ ચેનલો રોજબરોજ કોઈને કોઈ કૌભાંડ અને ગોટાળાના સમાચાર જાહેર કરતા રહે છે. એક જગ્યાએ આટલી માત્રામાં માલ અને સંપત્તિનું એકત્ર થવું તે એ વાતની દલીલ છે કે ચોક્કસ અમૂક લોકોનો હક્ક છિનવી લેવામાં આવ્યો છે અને ચોક્કસ અમૂક લોકો એવા છે કે જેઓ પોતાના મૂળ હક્કથી વંચિત છે. ગોટાળા અને કૌભાંડોના જે આંકડા બહાર આવે છે (હકીકતમાં તે આંકડાઓ અને તેની વિગતો તો અલ્લાહ જ બહેતર જાણે છે. જાહેર તો એ થાય છે કે જેને છુપાવવું શકય હોતું નથી) તેનાથી એ માલુમ થાય છે કે ઘણા બધા લોકોના હક્કો છિનવવામાં આવી રહ્યા છે. મોટી સંખ્યામાં લોકો ઉપર ઝુલ્મ કરવામાં આવી રહ્યો છે. તથા મજાની વાત તો એ છે કે આ ઝુલ્મ કરનારાઓ અને હક્ક ગસબ કરનારાઓ જ દુનિયામાં અદ્‌લ અને ઈન્સાફ તથા અમ્ન અને સલામતિ સ્થાપવાના જવાબદાર લોકો છે. આ બધી જ તબાહી, બરબાદી, મોંઘવારી, અછત અને બજાર ભાવમાં મંદી, આતંકવાદ અને બિન સલામતિ એ બુનિયાદ ઉપર છવાતી જાય છે કે આ દુનિયાની જે વ્યવસ્થા છે તે ન્યાયી વ્યવસ્થા નથી. કારણકે ખુદાવંદે મોતઆલ સિવાય જે પણ આ દુનિયા માટે વ્યવસ્થા નિયુકત કરશે તે ઈન્સાનની પવિત્ર ફીત્રત, તેની વાસ્તવિક જરૂરિયાતો અને તેની ઝીંદગીના તમામ પાસાઓ જેવાકે ભૌતિક, રૂહાની, સામૂહિક, વ્યકિતગત, દુન્યવી અને ઉખ્રવી વિગેરે... શામિલ નથી કરતી. જ્યારે કાયદો યોગ્ય નહિં હોય તો પછી તેનું અમલીકરણ પણ ઝુલ્મ જ હશે. ખુદાવંદે આલમે કુરઆને કરીમમાં આ વાસ્તવિકતા તરફ આ પ્રમાણે ફરમાવ્યું છે:

وَ مَنۡ لَّمۡ يَحۡكُمۡ بِمَاۤ اَنۡزَلَ اللّٰهُ فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوۡنَ

***“જે પણ અલ્લાહ તઆલાએ નાઝીલ કરેલા હુકમો મુજબ નિર્ણય ન કરે તે ઝાલિમોમાંથી છે.”***

(સુરએ માએદાહ, આયત નં. ૪૫)

અત્યારે દુનિયામાં જે કાયદા-કાનૂનો સ્થાપિત છે તે ખુદાવંદે આલમે નાઝીલ કરેલા હુકમો મુજબના નથી. આ આધારે તે કાયદા-કાનૂનો ઉપર અમલ કરવો તે ઝુલ્મમાં વધારો થવાનું કારણ બને છે તથા અગર કયાંય દેખાવમાં અમ્ન અને સલામતી જોવા મળે છે તો બાતેની કુફ્ર અને શિર્ક આંતરિક મહાન ઝુલ્મની પોકાર કરતો નજરે પડે છે. આ પ્રકારના લોકોને અગર કયાંય પણ સ્વતંત્રતા મળી જાય અને કાયદાની પકડ ઢીલી પડે તો આંતરિક ઝુલ્મી સ્વભાવ તથા કાફીરો અને મુશ્રીકો જેવી વિચારધારાઓ જબરદસ્ત તબાહીનું કારણ બની જાય છે.

ટૂંકમાં એ કે આર્થિક અદ્લ અને ઈન્સાફ, ન્યાયી કાયદા-કાનૂનો અને ન્યાયી વહેંચણી ઉપર આધારિત છે.

હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) હઝરત ઈમામ મહદી (અ.સ.)ના બારામાં ફરમાવે છે કેઃ

***‘હઝરત ઈમામ મહદી (અ.સ.) ખ્વાહીશાતોને હિદાયતના અને વહીના પાબંદ બનાવશે. જ્યારે કે તેનાથી અગાઉ હિદાયત અને વહી ખ્વાહિશાતોની પાબંદ બની ચૂકી હશે. જ્યારે વિવિધ-વિવિધ માન્યતાઓ કુરઆને કરીમ ઉપર લાદવામાં આવી રહી હશે. તેઓ (અ.સ.) માન્યતાઓને કુરઆનની તઅલીમાતની પાબંદ કરશે.***

*...તે સમયે એવા હાકીમો પૈદા થશે કે જેઓ આજના હાકીમ ખાનદાનોથી વિભિન્ન હશે. તેઓ હુકુમતના એજન્ટોને તેમના ખરાબ કાર્યોની સજા દેશે.*

*ત્યારે ઝમીન પોતાના ખજાનાઓ તેમના માટે જાહેર કરી દેશે અને પોતાની ચાવીઓ તેમના હવાલે કરી દેશે. તેઓ (અ.સ.) હક્ક હુકુમતની ન્યાયી પધ્ધતિ તમારા માટે રજુ કરશે. તેઓ (અ.સ.) અલ્લાહની કિતાબ અને રસુલ (સ.અ.વ.)ની સુન્નતની તે વાતોને જીવંત કરશે જેને અત્યાર સુધી છોડી દેવામાં આવી હતી.'*

(નહજુલ બલાગાહ, સુબ્હી સાલેહ, પાના નં. ૧૯૫)

હઝરત ઈમામ મહદી (અ.સ.)ની હુકુમતમાં તમામ વિચારધારાઓ અને માન્યતાઓ કુરઆનની આયતો અને રસુલ (સ.અ.વ.)ની તઅલીમાતની પાબંદ હશે. જ્યારે અલ્લાહ તઆલાના નાઝીલ કરેલા કાયદા-કાનૂનો તેના મૂળ સ્વરૂપે દુનિયામાં સ્થાપિત થશે અને તમામ લોકો યોગ્ય રીતે તેની પાબંદી કરશે, તમામ હાકીમો અને હુકુમતના બધા જ લોકો તે ઈલાહી કાનૂન મુજબ હુકુમત કરશે. અપરાધીઓને યોગ્ય સજા આપવામાં આવશે ત્યારે સમગ્ર દુનિયામાંથી ઝુલ્મ અને અત્યાચારનો ખાત્મો થઈ જશે અને ચોતરફ અદ્લ અને ઈન્સાફ હશે. જ્યારે ઝમીનવાસીઓ ઝુલ્મ કરવાનું છોડી દેશે ત્યારે ઝમીન પોતાના છુપાએલા ખજાનાઓને જાહેર કરી દેશે. આ ખઝાનાઓ ફકત ખેતી અને ફળો સ્વરૂપે નહિં હોય બલ્કે જામેઅહ એ અઝહર, મિસ્રના પૂર્વ વાઈસ ચાન્સેલર શૈખ મોહમ્મદ અબ્દાહના કથન મુજબ 'ઝમીન સોના અને ચાંદીના

ખઝાનાઓને જાહેર કરી દેશે.' તેનાથી એ સ્પષ્ટ થાય છે કે ઝમીન પોતાના બધાજ કિંમતી ખઝાનાઓ સોના, ચાંદી, હિરા અને ઝવેરાત વિગેરે... બધું જ જાહેર કરી દેશે. જ્યારે આ પ્રકારની કિંમતી વસ્તુઓ દરેક લોકોના હાથ વગી હશે ત્યારે મોંઘવારી, ગરીબીનું નામો નિશાન પણ નહિં હોય. કારણકે મોંઘવારી અને વસ્તુઓની અછત સંગ્રહખોરીથી અસ્તિત્વમાં આવે છે. હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝમાનામાં ન તો વસ્તુઓની અછત હશે અને ન તો સંગ્રહખોરી.

## ન્યાયી વહેંચણીઃ

અત્યારે દુનિયામાં આર્થિક ઝુલ્મ અને અત્યાચારનું એક મહત્ત્વનું કારણ ગૈર ન્યાયી વહેંચણી છે. ઈન્સાનોના ઝુલ્મ અને અત્યાચારના લીધે ઝમીનમાંથી પાક પણ ઓછો મળે છે. આસ્માન પોતાનો સંપૂર્ણ વરસાદ પણ નથી વરસાવી રહ્યો. તેમાં પણ ઝુલ્મ ઉપર એક બીજો ઝુલ્મ કે જેટલો પાક મળી રહ્યો છે તેની ન્યાયી વહેંચણી પણ થતી નથી. અનાજ ગોદામોમાં સડી રહ્યું હોય છે અને ગરીબો ભુખથી મરી રહ્યા હોય છે. તેનું કારણ કદાચ એ છે કે હુકુમતની ખ્વાહિશ તો દરેકને હોય છે પરંતુ ગરીબોનું દર્દ કોને હોય છે? તે તો ફકત ગરીબોનો ખાલિક જ જાણે છે.

આ એક વાસ્તવિકતા છે કે ગરીબોની આ પરિસ્થિતિ હંમેશા રહેવાની નથી. એક દિવસ ખુદાવંદે મોતઆલની રહમત જોશમાં આવશે અને ગરીબોના મસીહા હઝરત ઈમામ મહદી (અ.સ.) ઝુહુર ફરમાવશે અને તેમની હુકુમતમાં અત્યંત ન્યાયી અને સમાનતા પૂર્ણ વહેંચણી થશે.

હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)ની રિવાયતઃ

*'...જ્યારે અમારા કાએમ (અ.સ.)નો ઝુહુર થશે ત્યારે તેઓ બરાબર રીતે વહેંચણી કરશે. ખુદાવંદે રહમાનના બંદાઓની દરમ્યાન અદ્લનો વર્તાવ કરશે. નેક કાર્યો કરનારાઓ અને ગુનાહગારો દરમ્યાન અદ્લથી કામ લેશે. જેણે તેમની ઈતાઅત કરી તેણે અલ્લાહની ઈતાઅત કરી અને જેણે તેમની નાફરમાની કરી તેણે અલ્લાહની નાફરમાની કરી...'* (મુન્તખબુલ અસર, પાના નં. ૩૮૩)

*'તેઓ એહલે તવરાત (યહુદીઓ)ની દરમ્યાન તવરાત મુજબ ફેંસલાઓ કરશે, એહલે ઈન્જીલ (ઈસાઈઓ)ની દરમ્યાન ઈન્જીલથી ફેંસલાઓ કરશે, એહલે ફુરકાન (મુસલમાનો)ની દરમ્યાન ફુરકાન (કુરઆન)થી ફેંસલાઓ કરશે. ઝમીનની ઉપર અને નીચેના બધાજ ખઝાનાઓ તેમની પાસે એકત્ર થઈ જશે ત્યારે તેઓ લોકોને ફરમાવશેઃ*

*આવો અને એ વસ્તુને લઈ જાઓ કે જેના માટે તમે સંબંધો કાપી નાખ્યા હતા અને એકબીજાનું ખૂન વહાવ્યું હતું અને અલ્લાહ તઆલા એ હરામ ઠરાવેલા કાર્યો કર્યા હતા...*

*પછી તેઓ લોકોને એટલું અતા કરશે કે આ અગાઉ કોઈએ પણ નહિં આપ્યું હોય...'*

હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝમાનામાં આર્થિક પરિસ્થિતિ એટલી બધી સારી થઈ જશે અને દરેક વસ્તુઓ એટલી હદે ઉપલબ્ધ હશે કે જેની કોઈ સીમા નહિં હોય. હઝરત રસુલે અકરમ (સ.અ.વ.) એ આ પ્રમાણે ફરમાવ્યું છેઃ

*'...હઝરત ઈમામ મહદી (અ.સ.)ની પાસે એક શખ્સ આવશે અને કહેશે કે અય મહદી (અ.સ.)! મને અતા ફરમાવો. તેને એક ચાદર આપી દેવામાં આવશે અને કહેવામાં આવશે કે જેટલું લેવા ચાહો તેટલું લઈ લો...'*

(મુન્તખબુલ અસર, પાના નં. ૩૮૪, હદીસ નં. ૩)

એક બીજી રિવાયતમાં છે કે હઝરત ઈમામ મહદી (અ.સ.) લોકોને બેહિસાબ અતા ફરમાવશે.

(મુન્તખબુલ અસર, પાના નં. ૩૮૪, હદીસ નં. ૨)

હઝરત ઈમામ મહદી (અ.સ.)ની હુકુમતના ઝમાનામાં લોકોને એ ખુશહાલી નસીબ થશે કે જેની કોઈ કલ્પના પણ કરી શકતું નથી.

## અજોડ ઝીંદગી:

વિજ્ઞાનની પ્રગતિએ મુસાફરી અત્યંત સરળ અને આસાન બનાવી દીધી છે. પરંતુ તમામ આસાનીઓ અને સરળતા હોવા છતાં મુસાફરી આખરે મુસાફરી છે. મુસાફરીની તૈયારી પણ એક વિકટ પ્રશ્ન છે. લાંબી મુસાફરી માટે જરૂરીયાતની બધીજ વસ્તુઓની તૈયારી કરવી પડે છે કે જેથી કરીને મુસાફરી દરમ્યાન કોઈ તકલીફ કે પરેશાનીનો સામનો ન કરવો પડે. હઝરત ઈમામ મહદી (અ.સ.)ની હુકુમતમાં મુસાફરીની રીત કંઈક અલગ હશે.

*હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અ.સ.)ની રિવાયત છે કે:*

*'જ્યારે હઝરત કાએમ (અ.સ.) ઝુહુર ફરમાવશે ત્યારે તેઓ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)નો પરચમ, જનાબે સુલૈમાન (અ.સ.)ની વીંટી, જનાબે મુસા (અ.સ.)નો પથ્થર અને લાકડી સાથે લાવશે.*

*એક શખ્સને હુકમ આપશે અને તે આ રીતે અવાજ આપશે.*

*તમારામાંથી કોઈપણ વ્યકિત ન તો પોતાની સાથે ખાવાનું લાવે અને ન તો પાણી અને ન તો જાનવરો માટે ચારો પણ.*

*તે સમયે તેમના સહાબીઓ કહેશે કે આ આપણને અને આપણા જાનવરોને ભુખ અને તરસથી મારી નાખવા ચાહે છે.*

*તેઓ (અ.સ.) મુસાફરી કરશે અને તેમની સાથે તેમના સહાબીઓ પણ મુસાફરી કરશે. જ્યારે તેઓ પહેલી મંઝીલ ઉપર પહોંચશે ત્યારે તેઓ પથ્થર ઉપર મારશે તો તેમાંથી ખોરાક, પાણી અને જાનવરો માટે ચારો નીકળશે. બધા લોકો ખુબ ખાશે-પીશે અને તેઓના જાનવરો પણ સંપૂર્ણ રીતે તૃપ્ત થશે. ત્યાં સુધી કે કુફાની પાછળ નજફમાં કયામ કરશે.'*

(મુન્તખબુલ અસર, પાના નં. ૩૮૬, હદીસ નં. ૧)

જ્યારે કોઈ મઅસુમની આગેવાનીમાં જતા હોઈએ ત્યારે સાથે જનારાઓએ પોતાની કોઈપણ વસ્તુના બારામાં કોઈપણ પ્રકારની ચિંતા ન કરવી જોઈએ. આપણું કામ તેમના હુકમ ઉપર અમલ કરવાનું છે. આપણી બધીજ જરૂરીયાતોનું ધ્યાન તેઓ આપણી કરતા વધારે અને શ્રેષ્ઠ રીતે રાખે છે. આ મઅસુમ આગેવાનની બરકત હશે કે સાથીઓને મોઅજીઝાતી ખાણું નસીબ થશે. આ પ્રકારના ખાણાનો સ્વાદ અને અસર કંઈક અલગજ હશે.

# ફકત અને ફકત અદ્લ

જ્યારે હઝરત ઈમામ મહદી (અ.સ.) ઝુહુર ફરમાવશે ત્યારે ચોતરફ અદ્લ અને અદ્લ જ હશે. ઝુલ્મ અને અત્યાચારનું નામોનિશાન નહિં હોય. તેઓ જે અદ્લની સ્થાપના કરશે તેની જાહોજલાલી કંઈક અલગજ હશે. તે ફકત ન્યાયી કે આર્થિક અદ્લ નહિં હોય બલ્કે સમગ્ર ઈન્સાનીય્યત તે અદ્લથી ફાયદો ઉઠાવતી હશે. અહિંયા સુધી કે ઈન્સાનના નફસ, અક્કલ, ખ્યાલ, વિચારધારા અને અકીદામાં પણ અદ્લ હશે. કોઈપણ પાસામાં કોઈપણ પ્રકારનો કોઈ મતભેદ નહિં હોય. અકીદા અને આમાલની ગુમરાહી તો જાહેર થઈ જાય છે પરંતુ નફસ અને અક્કલની ગુમરાહી એટલી ઉંડી હોય છે કે ઈન્સાન ખુદ પોતે પણ તેની ઉપર ધ્યાન આપી શકતો નથી. જ્યારે હઝરત ઈમામ મહદી (અ.સ.)નો ઝુહુર થશે ત્યારે ઈન્સાનીય્યતના તમામ મરાહેલ (stages) થી ગુમરાહી દુર થશે અને કયાંય પણ અદ્લની વિરૂધ્ધની કોઈ બાબત જોવા નહિં મળે.

હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) અને હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)ની રિવાયત છેઃ

***‘જે સમયે હઝરત કાએમ (અ.સ.) નો ઝુહુર થશે ખુદાવંદે આલમ દીને ઈસ્લામને તમામ મઝહબો ઉપર વર્ચસ્વ અતા કરશે.’***

(મુન્તખબુલ અસર, પાના નં. ૩૬૨)

હઝરત અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.) ફરમાવે છેઃ

***‘જ્યારે અમારા કાએમ (અ.સ.)નો ઝુહુર થશે ત્યારે લોકોના દીલોમાંથી કીનો અને ખરાબી દૂર થઈ જશે. ફાડી***

*ખાનાર પશુઓ અને પ્રાણીઓ એકબીજા સાથે સુલેહ અને શાંતિ સાથે વર્તન કરશે.'*

(મુન્તખબુલ અસર, પાના નં. ૫૯૨, હદીસ નં. ૩)

હઝરત ઈમામ મહદી (અ.સ.)ના ઝમાનામાં અદ્લ અને ઈન્સાફ એટલી હદે સામાન્ય હશે કે દીલની દુનિયા પણ ઝુલ્મ અને અત્યાચારથી પાક અને સાફ હશે. ઝબાનથી જાહેરાત તો દૂરની વાત છે પરંતુ દીલમાં પણ એકબીજા માટે સારપ અને ભલુ ઈચ્છવા સિવાય બીજું કાંઈ નહિં હોય. તથા આ બાબત એટલી હદે સામાન્ય થઈ જશે કે ફકત ઈન્સાન બીજા ઈન્સાનથી દોસ્તી નહિં કરે બલ્કે ફાડી ખાનાર જાનવરો કે જે બીજા પ્રાણીઓના હંમેશાથી દુશ્મન રહ્યા છે તેઓ પણ આપસમાં એકબીજાના દોસ્ત બની જશે.

એક બીજી રિવાયતમાં હઝરત ઈમામુલ મુત્તાકીન, અસદુલ્લાહીલ ગાલિબ હઝરત અલી (અ.સ.) ઈરશાદ ફરમાવે છેઃ

*'...(તેમના ઝમાનામાં અમ્ન અને સલામતિ તથા અદ્લ અને ઈન્સાફની એ પરિસ્થિતિ હશે) કે બાળકો સાંપ અને વિંછીઓથી રમશે અને તેઓ બાળકોને હરગીઝ નુકશાન નહિં પહોંચાડે.*

*શર્ર (ખરાબી) સંપૂર્ણ રીતે દૂર થઈ જશે અને ફકત ખય્ર અને ખય્ર જ બાકી રહેશે. ઈન્સાન એક મુદ (અંદાજે સાડા ત્રણ કીલો) વાવશે અને તેને સાત ગણું મળશે.*

*બદકારી અને શરાબખોરીનો ખાતમો થઈ જશે અને વ્યાજનું કોઈ અસ્તિત્વ જ નહિં હોય.*

*લોકો દીલથી ઈબાદત, શરીઅત અને દિનદારી તરફ ધ્યાન આપતા હશે. નમાઝો જમાઅતથી અદા કરવામાં*

*આવશે, આયુષ્યો લાંબા હશે, અમાનતો અદા કરવામાં આવશે, વૃક્ષો ફળોથી ભરપૂર હશે અને બરકતો વધતી રહેશે.*

*ખરાબ અને ખરાબીને પસંદ કરનારા પરિબળો હલાક થશે અને નેક કાર્યો કરનારા લોકો બાકી રહેશે.*

*અને તે સમયે એહલેબૈત (અ.મુ.સ.)થી બુગ્ઝ રાખનારૂ કોઈ નહિં હોય.'* (મુન્તખબુલ અસર, પાના નં. ૫૯૨, હદીસ નં. ૪)

એટલેકે એહલેબૈત (અ.મુ.સ.)થી બુગ્ઝ અને અદાવત રાખનારાઓ ફકત થોડા દિવસોના મેહમાન છે. ઈમામ (અ.સ.)ના ઝુહુર પછી તેઓ બધા નાબુદ થઈ જશે.

અઈમ્મએ મઅસુમીન (અ.મુ.સ.)ના પવિત્ર મુખેથી બયાન થયેલી આ રિવાયતો સ્પષ્ટપણે તે હકીકત તરફ નિર્દેષ કરી રહી છે કે એક મઅસુમ ઈમામ અને આગેવાન શું શું બરકતો ધરાવે છે. અગર ઈન્સાને મઅસુમ ઈમામ અને આગેવાનથી મોઢું ફેરવ્યું ન હોત અને તેમને સમાજથી અલગ કર્યા ન હોતે તો દુનિયાને આજે આ દિવસ ન જોવો પડત અને ઝુલ્મ અને અત્યાચારનું બજાર આટલું ગરમ ન હોત. તેમજ દુનિયા આ રીતે તબાહ અને બરબાદ ન થાત.

જનાબે સલમાન રીઝવાનુલ્લાહ તઆલા અલય્હએ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના દફનના ત્રણ દિવસ પછી સહાબીઓની દરમ્યાન એક ખુત્બો આપ્યો. તેના એક-એક શબ્દ ઉપર ધ્યાન આપો અને જુઓ કે એહલેબૈત (અ.મુ.સ.)ના મકતબથી તરબીયત પામેલા અને તેમના ઈલ્મથી મુનવ્વર થયેલા આ મહાન સહાબીની વાતો કેટલી હદે હકીકતને બયાન કરી રહી છે. તેઓ ફરમાવે છે કે:

*'અલ્લાહની કસમ! અગર તમે અલી (અ.સ.)ને પોતાના વલી કબુલ કરી લેતા તો આસ્માન અને ઝમીનમાંથી તમને રીઝક મળતું. ત્યારે અગર તમે હવામાં ઉડતા પક્ષીને*

*બોલાવતા તો તે લબ્બૈક કહીને તમારી પાસે આવી જતું અને અગર તમે સમુદ્રની માછલીઓને અવાજ આપતા તો તે પણ તમારી પાસે આવી જતી. અલ્લાહના વલી તમને કયારેય પણ મોહતાજ અને ફકીર ન બનવા દેત. ખુદાના હુકમોથી હરગિઝ મોઢું ન ફેરવતે. અલ્લાહના હુકમના બારામાં બે વ્યકિત પણ આપસમાં ઈખ્તેલાફ ન કરતે.*

*પરંતુ તમે લોકોએ તેનો ઈન્કાર કર્યો અને ગૈરને પોતાના વલી તરીકે નિયુકત કર્યો તો હવે તમે બલાઓ માટે તૈયાર થઈ જાઓ. સરળતાઓ અને વિપુલતાઓથી માયુસ થઈ જાઓ.*

*પરંતુ તમે તેઓથી દુશ્મની કરી અને તેઓને એકલા મુકી દીધા. હવે અમારી અને તમારી દરમ્યાન જે ઈસ્મતનો સંબંધ છે તે તૂટી ગયો.'* (એહતેજાજે તબરસી, ભાગ-૧, પાના નં. ૧૧૧)

દુનિયા જ્યાં સુધી મઅસુમ આગેવાનીથી દૂર રહેશે ત્યાં સુધી આ રીતે ઝુલ્મ અને અત્યાચારનો શિકાર થતી રહેશે. અગર આપણે ખરેખર ઝુલ્મથી તંગ આવી ચુકયા છીએ અને ખરા અર્થમાં અદ્લ અને ઈન્સાફ તેમજ અમ્ન અને સલામતિ ચાહીએ છીએ તો ખુદાવંદે આલમની બારગાહમાં સાચી નિય્યતો અને પાકીઝા દીલો તેમજ નિર્મળ ઝબાનો અને ખુલુસથી દોઆ કરીએ કે અલ્લાહ તબારક વ તઆલા મઅસુમ ઈમામ અને આગેવાનની અંતિમ કળી હઝરત હુજ્જત ઈબ્નીલ હસન અલ અસ્કરી (અ.સ.)ના પૂરનૂર ઝુહુરમાં જનાબે ઝહરા (સ.અ.) અને તેમની ઔલાદે તાહેરીનના સદકામાં જલ્દી ફરમાવે. કાલની બદલે આજે અને આજની બદલે અત્યારે ઈમામે અસ્ર (અ.સ.)નો હુકમ જાહેર થઈ જાય અને આપણને દરેકને તેમના ખિદમત ગુઝારોમાં શુમાર ફરમાવે.

ઈલાહી આમીન.